# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૭/૦૩/૨૦૨૪

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વિશ્વ કક્ષાના જાણીતા બિઝનેસ કોચ લેખક અને મોટીવેશનલ સ્પીકર ડો. ઉજ્જ્વલ પટની સાથે ઈન્ટરેક્ટીવ સેશન યોજાયું

## સુરતનું અર્થતંત્ર ૨૦૪૭ સુધીમાં ૩૫૦ બિલિયન ડોલર (મુંબઈની સમકક્ષ) સુધી પહોંચવાનો અંદાજ છે : ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા

## બિઝનેસને સફળતાના શિખરે લઈ જવાનું હોય તો બીજાને દોષ આપવા કરતાં પોતાનામાં સુધારો કરો : ડો. ઉજ્જ્વલ પટની

## સુરત એટલે એવી સિટી જે આપત્તિને પણ તકમાં ફેરવી નાખે અને આપત્તિ પછી સુરત વધુ ખૂબસુરત બની જાય છે: ડો. ઉજ્જ્વલ પટની

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૧૬ માર્ચ ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે વિશ્વ કક્ષાના જાણીતા બિઝનેસ કોચ, લેખક અને મોટીવેશનલ સ્પીકર ડો. ઉજ્જ્વલ પટની સાથે ઈન્ટરેક્ટીવ સેશન યોજાયું હતું, જેમાં ડો. ઉજ્જ્વલ

પટનીએ સુરતના ઉદ્યોગકારોને બિઝનેસમાં 10X (દસ ગણા) વૃદ્ધિ કરવા માટેના મહત્વના પરિબળો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતને ૫ ટ્રિલિયન યુ.એસ. ડોલરની ઇકોનોમી બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે, આથી તેમણે ભારતના ઉદ્યોગકારોને ૧ ટ્રિલિયન યુ.એસ. ડોલરનું એક્ષ્પોર્ટ કરવા હાંકલ કરી છે. જેના અનુસંધાનમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ વિઝન હાથ ધરાયું છે. જેના અંતર્ગત સુરત સહિત દક્ષિણ ગુજરાત, ગુજરાત અને ભારતમાંથી રૂપિયા ૮૪,000 કરોડનું એક્ષ્પોર્ટ કરવાનો સંકલ્પ લેવાયો છે અને તે દિશામાં પ્રયાસ કરવામાં આવી રહયા છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,000 ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સને તથા વિશ્વના જુદા–જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,000 બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવામાં આવી રહયા છે. એવી જ રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા–જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે.

તેમણે સુરતની અર્થવ્યવસ્થા વિશે જણાવ્યું હતું કે, હાલમાં સુરતનું અર્થતંત્ર કુલ ૭0 બિલિયન યુ.એસ.ડોલર છે, જે વર્ષ ૨૦૪૭ સુધીમાં ૩૫0 બિલિયન યુ.એસ.ડોલર (મુંબઈની સમકક્ષ) સુધી પહોંચવાનો અંદાજ છે. જ્યારે ગુજરાતનું અર્થતંત્ર વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ બિલિયન યુ.એસ.ડોલર થવાનો અને ભારતનું અર્થતંત્ર વર્ષ ૨૦૪૭ સુધીમાં ૩૦ ટ્રિલિયન યુ.એસ ડોલર થવાનો અંદાજ છે તેમ તેમણે જણાવ્યું હતું.

ઈન્ડસ્ટ્રી ૪.૦ વેલ્યૂ ચેઈન કરતાં વ્યવસાયો, ઉપભોક્તાઓ અને તમામ હિસ્સેદારો માટે ચોથી ઔદ્યોગિક ક્રાંતિ ઉત્પાદનો અને સેવાઓને વધુ સરળતાથી અને સુલભ રીતે ઉપલબ્ધ થાય છે. પ્રારંભિક ડેટા દર્શાવે છે કે 4IR ટેક્નોલોજીને સફળતાપૂર્વક સ્કેલિંગ કરવાથી સપ્લાય ચેઈન વધુ કાર્યક્ષમ બને છે અને કામના કલાકો વધુ ઉત્પાદક બને છે, ફેક્ટરીનો કચરો ઘટાડે છે અને કર્મચારીઓ, હિસ્સેદારો અને ગ્રાહકો માટે અસંખ્ય લાભો મળે છે.

તેમણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર એ ખૂબ મોટો વ્યવસાય છે. ગુણવત્તા અને વ્યવસાયિકતા તમારા વ્યવસાયને 10X થી 100X સુધી લઈ જઈ શકે છે. ટેક્નોલોજી અને તમારી માનસિકતા એક ગેમ-ચેન્જર છે. ટેક્નોલોજીની સાથે બિઝનેસનો અને સ્વ-નો વિકાસ કરી સફળ થવું શક્ય છે તેમ તેમણે જણાવ્યું હતું.

ડો.ઉજ્જવલ પટનીએ જણાવ્યું હતું કે, 'આજે હું પોતે એક ગેમ ચેન્જર સિટીમાં ઉપસ્થિત છું. સુરત એટલે એવી સિટી જે આપત્તિને પણ તકમાં ફેરવી નાખે અને આપત્તિ પછી સુરત વધુ ખૂબસુરત બની જાય છે.

સુરત સૌથી વિકાસશિલ સિટી તો છે જ પણ હવે શહેરને ઈન્ટરનેશનલ એરપોર્ટનો દરજ્જો મળતાં પોર્ટ, લેન્ડ અને ગર્વમેન્ટના સહકારથી તે 100Xની સ્પીડથી વિકાસ કરશે.'

ઉદ્યોગકારોને સંબોધતા તેમણે કહ્યું હતું કે, 'તમારા બિઝનેસમાં સૌથી ક્રિટીકલ અને મહત્વના વ્યક્તિ તમે પોતે જ છો, કેમ કે તમારાથી બિઝનેસ છે. એટલે જ બિઝનેસને સફળતાના શિખરે લઈ જવાનું હોય તો બીજાને દોષ આપવા કરતાં પોતાનામાં સુધારો કરો. કારણ કે, ટાંકીમાં કચરો હશે તો સોનાના નળમાં પણ પાણી ગંદુ જ આવશે. તમે તમારા બિઝનેસને આગામી પાંચ વર્ષમાં ક્યા સ્તરે જોવા માંગો છો? તે માટે યોગ્ય વિઝન તૈયાર રાખો. તમારા મૃત્યુ પછી ફેમિલી પર અને ધંધા પર કોઈ પ્રકારનું જોખમ નહીં આવે તે માટે લેખિત ડોક્યુમેન્ટસ (ડાયરી) હંમેશા બનાવી રાખો તેવું સૂચન તેમણે કર્યું હતું.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ' બિઝનેસ અને લાઈફમાં ગેમ ચેન્જર બનવા માટે રિસ્ક તો લેવું જ પડશે 'કેમ કે રિસ્ક હૈ તો ઈશ્ક (બિઝનેસ) હૈ'. જીવનમાં કોઈ બીજાની સલાહ લેવા કરતાં પોતે નિર્ણય લો, અનેકવાર તેનો વિરોધ થશે પણ સફળ થશો, ત્યારે વિરોધથી વધુ પ્રશંસા થશે. બિઝનેસમાં ક્યારેય પણ તમે બધાને ખુશ નહીં કરો શકો, બધાને ખુશ કરવા તમને સમાજસેવક બનવું પડશે. બિઝનેસમાં ગ્રાહકની ખરીદવાની ક્ષમતા કેટલી છે? તે જાણી તેને પ્રીમિયમ વસ્તુ લેવા માટે તમે પ્રોત્સાહિત કરી શકો છો.' જે બિઝનેસમાં ડિસ્કાઉન્ટ આપવામાં આવે તે બિઝનેસ હંમેશા નુકસાનીમાં જ જાય છે. ડિસ્કાઉન્ટ આપવા કરતાં એવી ઓફર આપવી, જેથી તમારા બિઝનેસની માર્કેટીંગ થઈ જાય. ગ્રાહક સાથે હંમેશા સારાં સંબંધો બનાવી રાખવાની બાબત બિઝનેસને ગ્રોથ આપવામાં મદદરૂપ થાય છે. વર્ષમાં એક વાર સાત દિવસ માટે બિઝનેસ વિશે નવું કંઈક શીખવા માટે ફરજિયાત બહાર જાઓ. તમારા આસપાસ એક વિઝનરી ઈકો-સિસ્ટમ બનાવો તેમ ડો. ઉજ્જવલ પટનીએ જણાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગ્રૃપ ચેરમેન મૃણાલ શુક્લએ સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતું. આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શૈલેષ દેસાઈએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ના કો–ઓર્ડિનેટર સંજય પંજાબીએ વક્તાનો પરિચય આપ્યો હતો.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી, માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મર, ભૂતપૂર્વ પ્રમુખો મહેન્દ્ર કાજીવાલા, ભરત ગાંધી, દિલીપ ચશ્માવાલા, અરવિંદ કાપડીયા અને રોહિત મહેતા, ગ્રૃપ ચેરમેનો, પબ્લિક રિલેશન કમિટીના ચેરપર્સન નિશા આનંદ અને વિવિધ ક્ષેત્રના ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. ડો. ઉજ્જ્વલ પટનીએ ઉદ્યોગકારોના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.